## "… I Found God"

**F**riday, May 1, 1908… I did not know that that day would mean an end of a chapter of my life, and that there stretched before me a year's imprisonment during which period all my human relations would cease, that for a whole year I would have to live beyond the pale of society, like an animal in a cage. And when I would re-enter the world of activity it would not be the old familiar Aurobindo Ghose… I have spoken of a year's imprisonment. It would have been more appropriate to speak a year's living… in an ashram or a hermitage… The only result of the wrath of the British Government was that I found God.

**– Sri Aurobindo**

From: 'Tales of Prison Life'

## "…મને ભગવાન મળ્યા"

શુક્રવાર, ૧લી મે, ૧૯૦૮… હું જાણતો ન હતો કે આજનો દિવસ મારા જીવનના એક ભાગનો અંતિમ અધ્યાય છે, મારી સન્મુખ એક વર્ષનો જેલનિવાસ છે. આ સમયે જ મનુષ્યજીવન સાથે જે કાંઈ સંબંધ છે, તે સર્વ છિન્નભિન્ન થશે. એક વર્ષ સુધી માણસના સહવાસની બહાર પશુની માફક પાંજરામાં પુરાઈ રહેવું પડશે. અને પછીથી જ્યારે કર્મક્ષેત્રમાં પાછો આવીશ, ત્યારે જૂનો પરિચિત અરવિન્દ ઘોષ નહિ રહું… મેં એક વર્ષનો 'જેલનિવાસ' શબ્દો વાપર્યા છે, પણ તેને એક વર્ષનો વનવાસ અથવા એક વર્ષનો આશ્રમવાસ કહેવો જોઈએ… બ્રિટિશ સરકારની કોપદૃષ્ટિનું ફળ એ આવ્યું કે મને ભગવાન મળ્યા.

**– શ્રી અરવિન્દ**

'કારાવાસની કહાણી' માંથી.
અનુ. શ્રી નવલરામ ત્રિવેદી

©SRI AUROBINDO ASHRAM TRUST, PONDICHERRY.
FROM: SRI AUROBINDO KENDRA,
MATRUBHAVAN'87, SWASTIK SOCIETY, AHMEDABAD-9
https://themothersprosperity.org

Prosperity
શ્રી માતાજીની
સિદ્ધિ-રિદ્ધિ

2026
MAY
૧ મે, ૨૦૨૬

## MATERIAL OBJECTS.
## ભૌતિક પદાર્થો (વસ્તુઓ).

**Y**es, I am in things also and that is why they must be treated with care.

**– The Mother**

*

It is very true that physical things have a consciousness within them which feels and responds to care and is sensitive to careless touch and rough handling. To know or feel that and learn to be careful of them is a great progress of consciousness. It is always so that the Mother has felt and dealt with physical things.

**– Sri Aurobindo**

*

**હા**, હું વસ્તુઓમાં પણ છું અને તેથી જ તેમની કાળજીપૂર્વકની સંભાળ લેવાવી જોઈએ .

**– શ્રી માતાજી**

*

તે તદ્દન સાચું છે કે ભૌતિક વસ્તુઓમાં પણ ચેતના હોય છે. જે સંવેદના અનુભવે છે અને કાળજીપૂર્વકના વર્તનને પ્રતિભાવ આપે છે. તેઓ નિષ્કાળજીભર્યા સ્પર્શ અને અણઘડ વ્યવહાર પ્રત્યે સચેત હોય છે. તેને જાણવું, સંવેદવું અને તેમના પ્રત્યે કાળજીપૂર્વકનો વ્યવહાર રાખતાં શીખવું એ ચેતનાની ઉચ્ચ પ્રગતિ છે. ભૌતિક વસ્તુઓ સાથેના વ્યવહારમાં શ્રી માતાજીએ આ સત્યને કાયમ અનુભવ્યું છે.

**– શ્રી અરવિન્દ**

(A Practical Guide to Integral Yoga – P. 261)

## The Beginning…

Sri Aurobindo came to Pondicherry in 1910 and took shelter here. The place was so quiet, not quiet it was actually dead. It is no wonder they said, “Sri Aurobindo has fixed upon a cemetery for his sadhana.” Pondicherry of those days had a still more notorious reputation for its cheap wine-shops and rowdy tipsies.

Those who tried most to stop Sri Aurobindo from settling down were the British authorities. We had to petrol all night the house in which Sri Aurobindo lived, lest there should be a sudden attack. An attempt was also made to frame a trumped-up charge at law. Following the course of action, The French Police even entered Sri Aurobindo’s residence for a search. But when the chief found there were Latin and Greek books lying about on his desk, he was so taken aback that he could only blurt out – “He knows Latin, he knows Greek!” – and he left with all his men.

In addition to force and fraud, the British Government did not hesitate to make use of temptation as well, they sent word to Sri Aurobindo, which they followed up by a messenger, to say that if he were to return to British India, they would not mind. They would indeed be happy to provide him with a nice bunglow in the quiet surroundings of a hill station, Darjeeling… Sri Aurobindo refused the invitation with a “No, thank you.”

To be continued in June-26

**– Nolinikant Gupta**

[Abridged from ‘REMINISCENCES’.]

## પ્રારંભ…

શ્રી અરવિન્દ ૧૯૧૦ માં પોંડિચેરી આવ્યા અને અહીં આશ્રય લીધો. આ જગ્યા ઘણી શાંત હતી, શાંત નહિ પણ હકિકતમાં મૃત હતી. જયારે લોકો કહેતા કે, “શ્રી અરવિન્દે તેમની સાધનાપીઠ સ્મશાનમાં સ્થાપી છે,” ત્યારે એમાં કાંઈ આશ્ચર્ય ન લાગતું. એ જમાનાના પોંડિચેરીની આનાથી પણ બદ્દતર છાપ હતી, કારણ કે તે સસ્તા દારૂની દુકાનો, અને ધમાલ કરતા દારૂડિયાઓથી ઊભરાતું હતું.

જેણે શ્રી અરવિન્દને ત્યાં સ્થાયી થતા અટકાવવા માટે સૌથી વધારે પ્રયાસ કર્યા હતા એ બ્રિટિશ સરકાર હતી. શ્રી અરવિન્દ જે મકાનમાં રહેતા તે મકાનની અમારે આખી રાત ચોકી કરવી પડતી, રખેને કોઈ અચાનક હુમલો કરે ! બનાવટી અને કાલ્પનિક આરોપો મૂકવાનો પ્રયાસ પણ કરવામાં આવ્યો. તેવા આરોપોની તપાસ માટે ફ્રેન્ચ પોલીસે શ્રી અરવિન્દના ખંડની પણ જડતી લીધી, પરંતુ જયારે મુખ્ય અધિકારીએ શ્રી અરવિન્દના મેજ ઉપર ગ્રીક અને લેટિન પુસ્તકો જોયાં ત્યારે તે છોભીલો પડી ગયો અને બોલી ઊઠ્યો “તે તો લેટિન જાણે છે, તે ગ્રીક જાણે છે !! ” અને પોતાના રસાલા સાથે ત્યાંથી વિદાય થઈ ગયો.

બળ અને છળના પ્રયોગ પછી બ્રિટિશ સરકાર લાલચનો પ્રયોગ કરતાં અચકાઈ નહિ. તેમણે શ્રી અરવિન્દને સંદેશો મોકલ્યો અને દૂત સાથે કહેવડાવ્યું કે, ‘તેઓ જો બ્રિટીશ ઇન્ડિયામાં પાછા ફરવા માગતા હોય તો અમને કોઈ વાંધો નથી, અમે તો તેમને ખુશીથી બધી સગવડો પૂરી પાડવા તૈયાર છીએ: દાર્જિલિંગમાં શાંત અને રમણીય જગ્યાએ બંગલો, જ્યાં તેઓ શાંતિથી સાધના કરી શકે…’ આ આમંત્રણનો અસ્વીકાર કરતાં શ્રી અરવિન્દે માત્ર, “ના, આભાર” એટલું જ કહ્યું. …

વધુ આવતા અંકે

**– નલિનીકાન્ત ગુપ્તા**

‘REMINISCENCES’ માંથી ટૂંકાવીને